વિદેશી કેદીઓને અંગત ખર્ચ(જેલ કેન્ટીન
સવલતો) હેતુસર નાણાં સ્વીકારવા બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ જલક/૨૫૨૦૦૪/૪૯૧૧/જ
સચિવાલય, ગાંધીનગર.
તા:૧૩/૦૬/૨૦૨૫

**સંદર્ભ:**

૧) પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૨૦/૦૪/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: હસબ/૧/૬૨૬/૨૦૨૪

૨) પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૦૮/૦૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: હસબ/૧/૩૯/૨૦૨૫

૩) પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદનો તા.૨૬/૦૩/૨૦૨૫ નો પત્ર ક્રમાંક: હસબ/૧/૪૫૯/૨૦૨૫

૪) આ વિભાગનો તા.૧૭/૦૬/૨૦૨૦ નો સમાંનાકી ઠરાવ.

**આમુખ:**

રાજ્યની જેલોમાં સજા ભોગવી રહેલ કેદીઓ જેલમાં ઉપલબ્ધ કરવામાં આવેલ કેન્ટીન સુવિધાનો લાભમેળવી પોતાના સ્વ ખર્ચે જેલ કેન્ટીનમાંથી જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ, સેનેટરી આઇટમ, પ્રસાધન સાધનો, સ્વાસ્થ્ય સંબંધિત દવાઓ, ફુટ તેમજ વિવિધ તહેવારો પ્રસંગે મીઠાઇ વગેરે કેન્ટીનમાંથી ખરીદી કરી શકે તે હેતુસર ગૃહ વિભાગના સંદર્ભ: (૪)માં દર્શાવેલ ઠરાવથી કેદીઓના સ્વજનો પાસેથી મંગાવવામાં આવતી મનીઓર્ડરની રકમમાં માસિક રકમમાં વધારો કરી રૂ.૪૦૦૦/- ની મર્યાદા નિયત કરેલ હતી. જેમાં મનીઓર્ડર મારફતે નાણાં મોકલવામાં મુશ્કેલી ઉદ્દભવતી હોવાથી કેદીઓના વિદેશમાં રહેતા સગાં-સંબંધીથી મનીઓર્ડરના સિવાય જે-તે દેશના દુતાવાસ મારફત જે-તે જેલના બેંક એકાઉન્ટમાં નાણાં જમા કરવી શકે, તેમ મંજૂરી આપવા પોલીસ મહાનિદેશક અને જેલોના ઇન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ દ્વારા સંદર્ભ: (૧) તથા તે અન્વયે સંદર્ભ ક્રમાંક: (૨) અને (૩) માં દર્શાવેલ પત્રોથી દરખાસ્ત કરેલ હતી, જે બાબત સરકારની વિચારણા હેઠળ હતી. રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે ગૃહ વિભાગના સંદર્ભ: (૪)માં દર્શાવેલ ઠરાવના મુદ્દા-૨ માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

**સુધારા ઠરાવ:**

" રાજ્યની જેલોની શિસ્ત અને સલામતીના પરીપ્રેક્ષ્યમાં કેદીઓને મનીઓર્ડરની રકમ મોકલનાર સ્વજનો તરીકે ઓળખ પ્રસ્થાપિત કરી કેદીના પતિ-પત્ની, લોહીની સગાઈ ધરાવતા માતા-પિતા, ભાઈ-બહેન, પુત્ર-પુત્રીનો સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ કેટલાક કેદીઓ વિદેશી નાગરિકત્વ ધરાવતા હોય તેમજ

લોહીની સગાઈ ધરાવતા કેદીના કોઈ કુટુંબીજનો ભારત દેશમાં રહેતા ન હોઈ તેવા સંજોગોમાં વિદેશી નાગરિકત્વ ધરાવતા કેદીઓના કિસ્સામાં કેદીના નજીકના સગા-સંબંધી પાસેથી તેઓની ઓળખ દસ્તાવેજી પુરાવા, આધારિત પ્રસ્થાપિત કર્યા બાદ નિયત મનીઓર્ડરથી સ્વીકારવાની તેમજ કેદીઓના વિદેશમાં રહેતા સગાં-સંબંધી જે-તે દેશના દુતાવાસ મારફત જે-તે જેલના કેદી કલ્યાણનિધી બેંક એકાઉન્ટમાં નાણાં જમા કરાવી રકમ સ્વીકારવા માટેની મંજૂરી આપવામાં આવે છે. "

૨. આ હુકમો આ વિભાગની ફાઇલ ક્રમાંક: HD/JLK/e-file/8/2024/1953/J ઉપર સરકારશ્રીની તા.૨૯/૦૫/૨૦૨૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામા આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મયુરસિંહ વાઘેલા)
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ,
-માન.રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
-પોલીસ મહાનિદેશક, જેલ અને સુધારાત્મક વહીવટની કચેરી, જેલ ભવન, અમદાવાદ
-એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, રાજકોટ/અમદાવાદ
-એકાઉન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, રાજકોટ/અમદાવાદ
-આચાર્ય, જેલ સ્ટાફ તાલીમ શાળા, અમદાવાદ
-તમામ જેલ અધિક્ષકો (જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી મારફત)
-શાખા સિલેક્ટ ફાઇલ/નાયબ સેકશન અધિકારી સિલેક્ટ ફાઇલ